## જન્મદિને વધામણી



**વિપુલ ચૌહાણ**
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૦૬૭૧૩૧૩૭૨



**પાર્વતીબેન મધુકર પરમાર**
નગરસેવક
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



**જયેન્દ્ર ઠાકોરલાલ સોની**
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૬



**સરોજબેન નરેન્દ્રભાઈ પંડ્યા**
મો. ૯૮૨૫૬ ૧૬૧૨૧



**લીલાબેન ગોવિંદભાઈ સોલંકી**
મો. ૯૭૨૬૩ ૫૦૬૭૮



**રાજ પ્રકાશકુમાર સોની**
મો. ૯૯૦૪૮ ૭૧૬૦૯



**જિજ્ઞેશ સી રાવત**
મો. ૭૦૪૩૬ ૦૯૮૪૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આર સી પટેલ શાળા દ્વારા માર્ગની સફાઈનું કાર્ય કરાયું

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ શાળાના એનએસએસ યુનિટ દ્વારા ભાદરવી પુનમ નિમિત્તે અંબાજી જતા પદયાત્રીઓ માટે તૈયાર કરવામાં આવેલા સેવા કેમ્પ આસપાસ અને પદયાત્રીઓ દ્વારા રસ્તામાં ગમે ત્યાં ફેંકવામાં આવેલા કચરાના યોગ્ય નિકાલ માટે સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૦ જેટલા કર્મઠ વિદ્યાર્થીઓએ ક માર્ગથી રાંધેજા ચાર રસ્તા સુધીના માર્ગની સફાઈ હાથ ધરી હતી અને સમાજને સ્વચ્છતાના માર્ગે વાળી પદયાત્રીઓને પણ સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું હતું.

# એસ. જી. પ્રાથમિક શાળામાં પ્રામાણિક્તા પર કાર્યક્રમ યોજાયો



ગાંધીનગરની એસ. જી. પ્રાથમિક શાળામાં મંગળવારના રોજ પ્રામાણિક્તા પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં પ્રામાણિક્તાનો ગુણ વિકસે તેમજ પ્રામાણિકતાની સંકલ્પના સ્પષ્ટ થાય તે હેતુથી શાળાના ૧ થી ૪ ધોરણના વિદ્યાર્થીઓ માટે પ્રમાણિક્તા વિષયે નાટકનું મંચન કરવામાં આવ્યું હતું તેમજ એક વિડીયો ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.



ગાંધીનગરમાં વસતા બનાસકાંઠા જિલ્લાના રહેવાસીઓના સંગઠન બનાસકાંઠા મિત્ર મંડળની એક બેઠક રવિવારે સ્વર્ણિમ પાર્ક ખાતે મળી હતી, જેમાં યુવા નાગરિકોની ઉપસ્થિતિ ઉલ્લેખનીય રહી હતી. મંડળ દ્વારા ગાંધીનગરમાં વસતા બનાસકાંઠાના રહેવાસીઓની એક ડિરેક્ટરી બનાવવા અંગે તથા આગામી તા. ૪ ડિસેમ્બરના રોજ સ્નેહમિલન સહ મનોરંજક કાર્યક્રમ યોજવા બાબતે નિર્ણય કરવામાં આવ્યો હતો.

# ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા કાવ્યરચના સ્પર્ધા યોજવામાં આવી



કડી સર્વ વિવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, સેક્ટર-૨૩ અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાંથી કાવ્યના વિવિધ પ્રકારો વિશે લેખનકાર્ય કરતાં શીખે તે હેતુથી મંગળવારે કાવ્યરચના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ શાળા-કૉલેજીસમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ કર્યું હતું.

### ખેલ મહાકુંભમાં

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ઝોન-ડી કક્ષાની સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૦

ખેલ મહાકુંભની ઝોન-ડી કક્ષાની સ્પર્ધા સોમવારે શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે યોજાઈ હતી.

અન્ડર-૧૭ વિભાગની આ સ્પર્ધામાં સ્કૂલની બહેનોની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી. આ વિદ્યાર્થીનીઓ હવે જિલ્લાકક્ષાએ ભાગ લેવા માટે જશે.

આ વિજેતા ટીમમાં રંજન જે ચૌધરી, મિત્તલ એન ચૌધરી, નિશા એફ ચૌધરી, ઋતુ એ ચૌધરી, મમતા સી ચૌધરી, શિલ્પા આર ચૌધરી, મિનાક્ષી આઈ ચૌધરી, સુરેખા જે ચૌધરી, નિર્મા એસ ચૌધરી, હિના પી ચૌધરી અને હિના સી ચૌધરી સામેલ હતાં. જેમને આચાર્ય સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી અને હેતલબેન દેસાઈએ શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

જો તમે સાચા છો તો તમારે ગુસ્સો કરવાની જરૂર નથી અને જો તમે ખોટા છો તો તમને ગુસ્સો કરવાનો હક નથી!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાઝ રિબૂટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૧.૦૦

**સ્ક્રીન-૩**
ધી શેલોઝ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
ધી શેલોઝ (હિન્દી)
૫.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
ફ્રિકી અલી
૧૨.૪૫
બાર બાર દેખો
૩.૪૫, ૯.૩૦
કૉલેજ બસ (ગુજરાતી)
૬.૪૫

**સ્ક્રીન-૫**
રાઝ રિબૂટ
સવારે ૧૦.૦૦
પિન્ક
૧.૦૦,૪.૦૦,૧૦.૦૦
ફ્રિકી અલી
૭.૦૦

# સ્કાય ગૃપ દ્વારા સેવાની એક વધુ ઉડાન





'સ્કાય ગૃપ'ના નામથી સેવાકાર્ય કરતા ગાંધીનગરના સંવેદનશીલ યુવાનોએ ગાંધીનગરની હદ બહાર જઈને એક સેવાકાર્ય બજાવ્યું છે. નારદીપુર ગ્રામ સેવા મંદિર સંચાલિત શાળાઓનાં ૩૮ જેટલાં ગરીબ બાળકોને સ્કૂલ યુનિફૉર્મ અર્પણ કરીને આ સમાજસેવી યુવાનોએ ગરીબ બાળકોના ચહેરા પર સ્મિતનું સર્જન કર્યું હતું. સંસ્થા સંચાલિત સ્કૂલ ખાતે આયોજિત એક સમારોહમાં આ યુનિફોર્મ વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવ્યા હતા.

# મહત્ત્વ કોનું ? ખાલી ખુરશીઓનું કે ભરેલી ખુરશીઓનું ?

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani@yahoo.co.uk

એક સેમિનાર હતો. શરૂઆતમાં સેમિનારની ઉદઘાટન વિધી હતી અને પછી વિધીવત સેમિનાર. સેમિનાર ત્રણ દિવસનો હતો. પહેલા જ દિવસે ઉદઘાટન સમારોહ શરૂ થયો ત્યારે તેના તજજ્ઞને માહિતી આપવામાં આવી કે સેમિનારમાં ભાગ લેનારા સહભાગીની સંખ્યા ધાર્યા કરતા ઘણી ઓછી છે. હાજર રહેનારાની સંખ્યા સાંભળીને તજજ્ઞ નિરાશ થયા. ઉદઘાટન વિધી દરમ્યાન મંચ પર બેસીને તજજ્ઞ વિચારતા રહ્યા કે આટલી ઓછી સંખ્યાના સહભાગીઓ સાથે કાર્ય કેવી રીતે પાર પાડવું, સેમિનારનાં ધ્યેયો કેવી રીતે હાંસલ કરવા? તજજ્ઞએ અને સાથીદાર તજજ્ઞ સાથે પણ પોતાની ચિંતા વ્યક્ત કરી. સાથી તજજ્ઞએ કહ્યું કે પોતે પણ અન્ય ઘણા સેમિનારોમાં આ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરે છે. બંને ચિંતીત હતા અને નિરાશ પણ.

ઉદઘાટન સમારોહ પૂરો થયા પછી મુખ્ય તજજ્ઞ ત્રીસેક મીનીટનો વિરામ લેવાના બહાને પોતાની હોટલમાં જતાં રહ્યા. ત્યાં જઈને પોતે પોતાની જાતને પ્રશ્ન પૂછ્યો 'આ સેમિનારમાં મારે જે કંઈ આપવાનું છે તે કોને આપવાનું છે ? આ સેમિનાર કોના માટે યોજવામાં આવ્યો છે ? જે સહભાગીઓ ઉત્સાહથી સેમિનારમાં સહભાગી થવા માટે ઉપસ્થિત રહ્યા છે તે લોકો માટે કે જે લોકો ઉપસ્થિત નથી રહ્યા તેઓ માટે ?'

તજજ્ઞને એટલો જવાબ તો પોતાની ભીતરથી મળ્યો કે સેમિનારમાં જે લોકો ઉપસ્થિત રહ્યા છે તેઓને કંઈક આપવાનું છે અને તેઓ માટે જ સેમિનારનું આયોજન થયું છે.

તજજ્ઞનું મંથન ચાલુ જ રહ્યું. 'મારે સહભાગીઓને જે કંઈ શીખવવાનું છે તે હોલની ખાલી ખુરશીઓને કે ભરેલી ખુરશીઓને? મારે મારૂ ધ્યાન કોના ઉપર કેન્દ્રિત કરવાનું છે? ખાલી ખુરશીઓ ઉપર કે ભરેલી ખુરશીઓ ઉપર ? જે લોકો સેમિનારમાં સહભાગી થવા માટે ઉપસ્થિત છે તે લોકો ઉત્સાહથી આવ્યા છે અને તજજ્ઞો અને સેમિનારના આયોજકો પાસે કંઈક અપેક્ષાઓ લઈને આવ્યા છે. મોટી સંખ્યામાં લોકો સેમિનારમાં ઉપસ્થિત રહેશે એ મારી અપેક્ષા હતી. કેટલાયે લોકોએ મારી અપેક્ષા સંતોષી નથી અને સેમિનારમાં ઉપસ્થિત નથી રહ્યા. પણ જે લોકો અપેક્ષાઓ લઈને ઉપસ્થિત રહ્યા છે તે લોકોનો શું વાંક કે ગૂનો ? હું જો ઉપસ્થિત લોકોની અપેક્ષાઓ સંપૂર્ણ રીતે નહિ સંતોષી શકું તો તે લોકોને અન્યાય થયો ગણાશે. પાડાના વાંકે પખાલીને શા માટે ડામ આપવા જોઈએ ?'

ત્રીસેક મીનીટનાં મનોમંથન પછી તજજ્ઞએ દ્રઢ નિશ્ચય કરી લીધો કે સેમિનારમાં સહભાગીઓ પાંચ હોય કે પચાસ હોય કે પાંચસો હોય, પોતે પોતાના કાર્યમાં કોઈ જ પ્રકારની કચાશ છોડશે નહિ અને આપશે ને સંપૂર્ણ આપવા માટે પ્રયત્ન કરશે.



હિન્દી ફિલ્મ શરાબીનું એક સુંદર દ્રશ્ય છે. દ્રશ્ય છે એક ગીતનું. ગીતના શબ્દો છે 'મુજે નૌલખા મંગા દે રે ઓ સૈંયા દિવાને...' ફિલ્મની નાયિકા નૃત્યકાર છે. તેનો નૃત્યનો એક જાહેર શો છે. તેની હજારો પ્રેક્ષકોની અપેક્ષા હતી. ફિલ્મનો નાયક એ શોની બધી જ ટીકીટો આયોજકો પાસેથી ખરીદી લે છે. અને હાઉસફૂલના પાટીયા લગાવી દે છે. પડદો ખૂલે છે ત્યારે હજારો પ્રેક્ષકોને બદલે ઓડીટોરિયમમાં માત્ર એક જ વ્યક્તિ-ફિલ્મનો નાયક બેઠો છે. નૃત્યાંગના નાયિકાને સખત આંચકો લાગે છે. એક ક્ષણ માટે વિચારે છે અને બીજી જ ક્ષણે માનસિક રીતે તૈયાર થઈ જાય છે અને પછી મન મૂકીને પોતાનું નૃત્ય રજૂ કરે છે.

વ્યક્તિના જીવનમાં મહત્વનુ શું છે ? સંખ્યા કે ગુણવત્તા ? માનવીના જીવનમાં હંમેશા સંખ્યા જ મહત્વની નથી હોતી, ક્યારેક સંખ્યા વધારે મહત્ત્વની હોય, ક્યારેક ગુણવત્તા મહત્ત્વની હોય તો ક્યારેક બંને સરખાં જ મહત્ત્વનાં હોય છે. જીવનમાં વ્યક્તિએ જ્યારે કોઈને કંઈ આપવાનું હોય છે, શીખવવાનું હોય છે, મનોરંજન કરવાનું હોય છે, પોતાની કળા પીરસવાની હોય છે ત્યારે જે કંઈ તે આપે છે તે સૌ પ્રથમ પોતાની જાતને આપે છે ને પછી શ્રોતાઓ કે સહભાગીઓ કે વિદ્યાર્થીઓ કે શિષ્યોને આપે છે. વ્યક્તિ આ પ્રકારના પ્રસંગોએ પોતાની પાસે જે કંઈ ક્ષમતા છે અને એ ક્ષમતા પ્રમાણે જે કંઈ આપવાનું ધ્યેય રાખ્યું હોય તેનાંથી કંઈક પણ ઓછું આપશે તો તે વ્યક્તિ સૌ પ્રથમ પોતાની જાતને છેતરે છે ને પછી અન્ય લોકોને છેતરે છે. પોતાની પાસે હોય તે જ્ઞાન કે કળા કે અનુભવ સંખ્યા જોઈને આપવાનું ના હોય. સામેના લોકોનો ઉત્સાહ અને અપેક્ષા જોઈને અને વ્યક્તિની પૂરેપૂરી ક્ષમતા મુજબ આપવાનું હોય છે. MAASને આપવાથી વ્યક્તિની મહત્તા વધે છે એ માન્યતા કદાચ ખોટી છે. ક્યારેક CLASSને આપવાથી પણ વ્યક્તિની મહત્તા વધારે વધે છે. વ્યક્તિ કેટલા લોકોને આપે છે તેની સંખ્યા કરતાં શું આપે છે અને કેવી રીતે આપે છે તેમાં તે વ્યક્તિના જીવનની સાર્થકતા છે. પાંચસો, પાંચ હજાર કે પચાસ હજાર વ્યક્તિઓને કંઈક પીરસાય પણ તે એકદમ ગુણવત્તા વિનાનું હોય તો બેમતલબ છે તેને બદલે પાંચ કે પચાસ વ્યકિઓને પણ જો દિલથી પીરસવામાં આવે તે સાર્થક બને છે.

માનવીય સંબંધોનું પણ કંઈક એવું જ છે. વ્યક્તિના સંબંધના વર્તુળમાં કેટલા સ્નેહીઓ, સંબંધીઓ, હિતેચ્છુઓ, પ્રસંશકો કે મિત્રો છે એ સંખ્યા ભલે મહત્ત્વની છે. આ સંખ્યાને આધારે કદાચ વ્યક્તિ પોતાનો વ્યકિતગત ટી. આર. પી. નક્કી કરી શકે અને તેનો ટી. આર. પી. ઊંચો હોય તો વ્યક્તિ તેના પોતાના મનમાં આનંદ પણ માણી શકે. સંબંધોની સંખ્યા સાથે સંબંધોની ગુણવત્તા પણ એટલી જ મહત્ત્વની છે. સંબંધોની ગુણવતાનો કોઈ ટી. આર. પી. ના હોઈ શકે. વ્યક્તિના જે કોઈ પ્રકારના સંબંધો છે તે સંબંધોની સુદ્રઢતા, તે સંબંધોની નિકટતા, તે સંબંધોની મજબૂતાઈ, તે સંબંધોમાં વ્યક્તિ પોતે કેટલું ત્યાગી શકે છે તેની સંભાવના, તે સંબંધોની પવિત્રતા, અને એ સંબંધોની ગૂઢતા. આ બધુ જ સંબંધોની ગુણવતા નક્કી કરે છે. વ્યક્તિ પોતે પોતાના સંબંધોની સંખ્યા કે ટી. આર. પી.ની સામે એ સંબંધોની ગુણવત્તાની સરખામણી કરે, તે બંનેને ત્રાજવે તોલે તો જ ખબર પડે કે પોતાના સંબંધોનું ક્યું પલ્લું વધારે ભારે છે. આ પ્રક્રિયા અઘરી છે પણ મૂશ્કેલ તો નથી જ.

સંબંધોના ઓડીટોરીયમમાં પણ ખુરશીઓ ભરાતી રહે છે ને ખાલી થતી રહે છે. કેટલી ખુરશીઓ ભરેલી છે એના કરતાં એ ખુરશીઓ ઉપર કોણ બેઠું છે ને તેની સાથેનું તાદત્મ્ય કેવું છે એ વધારે અગત્યનું છે અને ખાલી ખુરશીઓનું નહિ પણ ભરેલી ખુરશીઓનું મહત્વ જો વ્યક્તિ સમજી શકે તેમાં જ સંબંધોની સાર્થકતા છે. આપણે ખાલી નહિ, ભરેલી ખુરશીઓની મહત્તા સમજીએ અને મહત્ત્વ આપીએ.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું વતન - વહાલું વતન'**